VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

# પ્રકૃતિ- પર્યાવરણ માટેનો આદિવાસી સંઘર્ષ 'ડુંગર ઘરડો થયો' નવલકથા સંદર્ભે

## વિપુલકુમાર આર. કટારા

શોધાર્થી,
ગુજરાતી વિભાગ,
ભાષા-સાહિત્ય ભવન,
ગુજરાત યુનિવાર્સિટી.

'થેંક્યું મિ.ગ્લાડ' કૃતિના સર્જક તરીકે ગુજરાતી વાચકોમાં પ્રસિદ્ધ મરાઠી લેખક અનિલ બર્વેની જાણીતી નવલકથા 'ડોંગર મ્હાતારા ઝાલા' નો ડૉ.વસુધા ઇનામદારે 'ડુંગર ઘરડો થયો' નામે ગુજરાતીમાં અનુવાદ કર્યો. અનિલ બર્વે મરાઠી સાહિત્યના એક મહત્વના સર્જક છે. તેમની પાસેથી 'થેંક્યું મિ.ગ્લાડ', 'કોલંબસ વાટ ચૂકલા', 'સ્ટડફાર્મ', 'રોખેલેલ્યા બંદુકા નિ ઉઠલેલી જાનતા', ' ઝૂ-ડાઓ અન અર્ચેબલ્સ' વગેરે મરાઠી કૃતિઓ પ્રાપ્ત થાય છે. 'સોવિએત' નાટક માટે તેમને નેહરુ પુરસ્કારથી સન્માનિત કરવામાં આવ્યા છે. અનિલ બર્વે હાંસિયામાં ધકેલાયેલા વર્ગને બહાર લાવનાર સર્જક છે. મરાઠી સાહિત્ય સાથે નિકટનો સંબંધ ધરાવનાર વસુધા ઈનામદાર 'થેંક્યું મિસ્ટર ગ્લાડ' ની પ્રસ્તાવનામાં અનુવાદ વિશેની કેફિયત વિશે વાત કરતા કહે છે કે "ગુજરાતી મારી માતૃભાષા પણ માધ્યમિક શાળા સુધીનું શિક્ષણ તો મરાઠીમાં થયું. ને તેથી જ મરાઠી ભાષા સાથે ગાઢ આત્મીયતા. એટલે બંને ભાષાના સર્જાતા ઉલ્લેખનીય સાહિત્ય સાથે મૈત્રી કેળવવાનું, સંબંધ બંધાવાનું સહજ બનતું.

'ડુંગર ઘરડો થયો' નવલકથા વર્તમાનની વિવિધ સમસ્યાઓ જેવી કે વસ્તીવધારો, બેરોજગારી, મોંઘવારી, પ્રદુષણ, ઘોંઘાટ, વગેરે પૈકીની એક સમસ્યા પર્યાવરણના વિનાશનું નિરૂપણ કરતી કૃતિ છે. હાલના સમયમાં વિશ્વ આખાની સમસ્યા છે નાશ થતી પ્રકૃતિ. પ્રકૃતિ માનવજીવનમાં કેટલી મહત્વની છે એ તો આપણે સૌએ કોરોના મહામારી માં જોઈ લીધું. છતાં પણ વિકાસના નામે પ્રકૃતિનો કેટલો વિનાશ કરી દીધો તેના આપણે સૌ સાક્ષી અને જવાબદાર પણ છીએ. અન્ય પ્રાણીઓની જેમ માનવી પણ એક સામાજિક પ્રાણી છે પણ માનવસમાજ કે જે મૂલ્યો નક્કી કરીને આગળ વધેલો સમાજ છે. માનવ સમાજના મૂળ માં મુલ્યો પડેલા છે. પરંતુ આ મુલ્યોની અંદર જયારે અંગત કારણોસર પોતાના સ્વાર્થ માટે બાંધછોડ થવા લાગે ત્યારે સમાજના કચડાયેલા વર્ગો જે પહેલેથી કચડાયેલો છે તે કેટલી હદ સુધી કચડાઈ શકે તે વાત આ કૃતિમાં જોવા મળે છે.

'ડુંગર ઘરડો થયો' નવલકથાની શરૂઆત મેજર કામા મુંબઈ છોડીને મળકર્ણીમાં આવે છે ત્યાંથી માંડી ને મેજર કામા ફરી મળકર્ણી છોડીને મુંબઈ જાય છે તેટલા સમયગાળાનું વિષયવસ્તુ તેમાં નિરૂપવામાં આવ્યું છે. મેજર કામા મળકર્ણીમાં આવ્યો અને ગયો તેટલા સમયમાં પ્રકૃતિ બચાવવા માટેની લડત આદિવાસીઓ દ્વારા થાય છે એ ઘટના નવલકથાનો કેન્દ્ર વિષય છે. મહારાષ્ટ્રમાં સહ્યાદ્રી ડુંગરમાળામાં મળકર્ણી નામનો ડુંગર આવેલો છે. ત્યાં પશુ- પંખી નિરાંતે વસવાટ કરે છે અને પ્રકૃતિનું જતન કરીને, પર્યાવરણ સાચવીને જીવતા આદિવાસી ઠાકરો પણ સુખેથી જીવન વિતાવી રહ્યા છે. પરંતુ આ જ પ્રાકૃતિક સ્થળને કેટલાક રાજકારણીઓ પ્રવાસન સ્થળ તરીકે વિકસાવીને પૈસા કમાવવાનું કાવતરું ઘડે છે. રતુશેઠ અને મગનશેઠ જેવા લોકો આદિવાસીઓનું શોષણ કરે છે, તેમની પાસેથી સત્તાના જોરે જમીનો પચાવી પડે છે, રસ્તો બનાવવાના બહાને જંગલોનો આડેધડ નાશ કરે છે અને જંગલની સંપતિ વેચવા માંડે છે. તો બીજી

http://vidyajournal.org

VIDYA - A JOURNAL OF GUJARAT UNIVERSITY

*Peer-Reviewed, Multidisciplinary & Multilingual Journal*

**ISSN:** 2321-1520 **E-ISSN:** 2583-3537

બાજુ કમરાદ ડોસાની એવી ઈચ્છા છે કે મળકર્ણીમાં હોસ્પિટલ બને જેથી ગરીબ આદિવાસીઓને રાહત મળી રહે. અને તેટલા માટે જ કમરાદ ડોસો,ડિસોઝા અને આદિવાસીઓ મળીને પોતાના જંગલો, જમીનો બચાવવા માટે મગનશેઠ અને રતુશેઠની સામે બાથ ભીડે છે. જેમાં કમરાદ ડોસાનો અપંગ દીકરો મુન્નો અને કેટલાક આદિવાસીઓ મૃત્યુ પણ પામે છે. છતાં પણ સરકારી તંત્ર રતુશેઠ અને મગનશેઠને દોષી ઠેરવવાને બદલે કમરાદ, ડિસોઝા અને આદિવાસીઓને રાજદ્રોહના ગુનામાં કેદ કરે છે. આદિવાસઓ રાજકારણ, સત્તા સામે લાચાર છે તેઓ કઈ કરી શકતા નથી. આ બધું જોઇને કામા વ્યથિત થઇ જાય છે. અને 'બંબઇ નહીં મંગતા' વિચાર સાથે આવેલો મેજર કામા રતુશેઠના ઘરની પાછળના ઝાડ પર ચઢે છે અને રતુશેઠ અને મગનશેઠને ગોળી મારીને તેમની હત્યા કરે છે. અને મુંબઈ ચાલ્યો જાય છે. ડિસિલ્વા તેને રોકે છે ત્યારે કામા કહે છે કે "નહીં, ડિસિલ્વા જહાં કે પહાડ બૂઢે હો ચૂકે હો, વહાં રહેને કો દિલ નહીં ચાહતા !"(પૃ.૧૫૮) અને નવલકથા પૂર્ણ થાય છે.

'ડુંગર ઘરડો થયો' નવલકથા આમ તો સમગ્ર વિશ્વની સમસ્યા પર્યાવરણના વિનાશની સમસ્યાને નિરૂપતી નવલકથા છે, પરંતુ સાથે–સાથે પ્રકૃતિ સાથે નિકટનો સંબંધ ધરાવતા આદિવાસીઓની અસ્તિત્વ માટેની પણ લડત તેમાં નિરૂપવામાં આવી છે. મણિલાલ હ.પટેલે આ કૃતિના સન્દર્ભમાં નોધ્યું છે કે "જે પ્રકૃતિના સાંનિધ્યમાં માનવ સંસ્કૃતિનો વિકાસ થયો એ જીવનસંવર્ધક પ્રકૃતિને માણસ આજે બેજવાબદાર બનીને નાશ કરી રહ્યો છે. અને તેમ કરતા પશુ, પંખી, પ્રકૃતિ અને અસલ વનવાસી જનોનો ભોગ લેતાં પણ અચકાતો નથી." પ્રકૃતિને, વનોને, ડુંગરોને, ઉજાડનાર કહેવાતા ઉજળીયાત વર્ગ સામે આદિવાસી લોકો પોતાના પ્રાણ સમા જળ, જંગલ અને જમીનને બચાવવા લડત લડે છે પણ સત્તા સામે બધું વ્યર્થ નીવડે છે. કમરાદ ડોસો પોતાના આદિવાસીઓની જમીન બચાવવા વિવિધ લડતો લડે છે પોતાના અપંગ દીકરાનું મૃત્યુ પણ થાય છે તો પણ તે હિમ્મત હારતો નથી અને અંતે તેને કેદ થવું પડે છે.

એક બાજુ રતુશેઠ અને મગનશેઠ જેવા આદિવાસીઓનો અને પ્રકૃતિનો વિકાસના નામે વિનાશ કરે છે તેમના માટે માણસ નહિ પણ પૈસા મહત્વના છે અને એટલે જ કમરાદનો દીકરો અને કેટલાક આદિવાસીઓ મૃત્યુ પામે છે તો પણ તેઓ કહે છે કે "ફાઈવ સ્ટાર હોટલ માટે પાંચ - પચીસ ઠાકરડાઓ મરશે તો કોઈ વાંધો નહી. આપણી વૈભવશાળી હોટેલ મળકર્ણીમાં બંધાવવી જ જોઈએ"(પૃ.૬૩) તો બીજી બાજુ આવા સ્વાર્થી અને માનવતા રહિતના લોકોની સામે જેમની પાસે શિક્ષણનો અભાવ છે પણ માણસાઈ ભારોભાર ભરેલી છે તેવા આદિવાસીઓ માનવતાની મિશાલ બનીને પ્રગટે છે. જયારે મેજર કામા માછલી પકડે છે ત્યારે કમરાદ ડોસો એ માછલી પકડીને પાછો પાણીમાં નાખી દે છે અને કહે છે કે "સોજીરા, બી એ સોલ્જર...ભઈલા...બી એ સોલ્જર ! અરે દુશ્મનાવટ જ કરવી છે તો આ ગરીબ માછલીઓ જોડે શું કરવા ? મારી જોડે વેર બાંધ"(પૃ.૫૯) તો આદિવાસીઓ મેજર કામાને જમાડવા અને તેની મહેમાનગતિ માટે પોતે એક ટંક ભૂખ્યા પણ રહે છે. અને ત્યારે કમરાદ કામા ને કહે છે કે "સોજીરા, મારા ઠાકરોની મહેમાનગતિ યાદ રાખજે" (પૃ.૮૮) આવા આતિથ્ય સત્કાર ધરાવતા આદિવાસીઓ પ્રકૃતિને પણ પોતાના એક અંગ જેવી મને છે અને માટે જ તેઓ તેને બચાવવા માટે લડતો લડે અને અને શહીદ પણ થાય છે. આદિવાસીઓની ભોજનની થાળીમાં બત્રીસ જાતના પકવાન નથી તો પણ તેઓ ખુશીથી જીવન જીવે છે. જયારે કામા આદિવાસીઓનું ભોજન ખાય છે અને 'બે-સ્વાદ' કહે છે ત્યારે કમરાદ જવાબ આપે છે કે ' સ્વાદ શોષણ ખોર વર્ગના લોકો માટે જ હોય છે મારા ભાઈ.' (પૃ.૮૯) આદિવાસીઓ ગરીબ હોવાના કારણે તેમની વ્યથા કોઈ સાંભળવા તૈયાર પણ નથી પત્રકારો પણ આવે છે અને રતુશેઠ અને મગનશેઠના ગુલામ બની જાય છે અને સત્ય હકીકત છાપવાને બદલે કમરાદ અને આદિવાસીઓને તોફાની અને રાજદ્રોહી ઠેરવે છે. આવી તો રાજકારણની રમતો હોય છે.

આદિવાસીઓ પર આવા અનેક અત્યાચારો થાય છે એ મેજર કામા જુએ છે અને ત્યારે એને કમરાદની પેલી વાત યાદ આવે છે કે 'સોજીરા, મારા ઠાકરોની મહેમાનગતિ યાદ રાખજે' અને સમય આવતા તેનું ઋણ પણ કામા અદા કરે છે. કમરાદ ડોસાની સંસદીય લડત, અહિંસાની લડત કામાને પસંદ નથી અને એટલે જ અંતે જયારે કારણ વિના કમરાદ,

http://vidyajournal.org

ડિસોઝા અને આદિવાસીઓને કેદ કરવામાં આવે છે ત્યારે ઝાડ ઉપર ચઢીને રતુશેઠ અને મગનશેઠને ગોળી મારીને મૃત્યુને ઘાટ ઉતારે છે. અને આદિવાસી સાથે થતા અન્યાયને ન જોઈ શકવાના કારણે કામા પાછો મુંબઈ ચાલ્યો જાય છે.

આદિવાસીઓમાં પ્રકૃતિ પ્રત્યેની જે સંવેદના પડેલી છે તે અદભુત છે. તેઓ માત્ર માણસ ને જ નહી પણ પ્રકૃતિને પણ જીવંત તત્વ ગણીને તેની સાથે પણ માનવીય વ્યવહાર કરે છે. પ્રકૃતિને પોતાના અંગ તરીકે સ્વીકારે છે. અને જયારે પ્રકૃતિના અસ્તિત્વનો પ્રશ્ન આવે ત્યારે પોતાની સમસ્યા, પોતાનો પ્રશ્ન ગણીને લડત લડતા હોય છે અને મોતને પણ ભેટી લેતાં અચકાતા નથી. પ્રકૃતિને સાચા અર્થમાં બચાવનાર આદિવાસીઓ છે એ ક્યારેય ભૂલવું જોઈએ નહી. આ સમગ્ર નવલકથામાં પણ આદિવાસીઓની પ્રકૃતિ – પર્યાવરણ બચાવવાની લડત જ આલેખવામાં આવી છે.

## સંદર્ભ :

1. ‘ડુંગર ઘરડો થયો’ લે.અનિલ બર્વે, અનુ. ડૉ.વસુધા ઈનામદાર, પાર્શ્વ પબ્લિકેશન, પ્ર.આવૃત્તિ-૨૦૧૧.
2. SAHITYSETU, ISSN- 2249-2372, ISSUE-3 MAY-JUNE-2021.

http://vidyajournal.org